Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

RNI:GUJMUL/2014/66126 ISSN 2454-3705

# श्रुतसागर | શ્રુતસાગર
# SHRUTSAGAR (MONTHLY)

June-2019, Volume : 06, Issue : 01, Annual Subscription Rs. 150/- Price Per copy Rs. 15/-

EDITOR : Hiren Kishorbhai Doshi

BOOK-POST / PRINTED MATTER



योगनिष्ठ प.पू. आचार्य श्री बुद्धिसागरसूरीश्वरजी म.सा. को ९४वीं स्वर्गतिथि पर वर्ष ६ का यह प्रथम अंक सादर समर्पित

आचार्य श्री कैलाससागरसूरि ज्ञानमंदिर



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# परम पूज्य राष्ट्रसन्त आचार्यदेव श्री पद्मसागरसूरीश्वरजी महाराज की निश्रा में रेवतडा गाँव में आयोजित त्रिदिवसीय कार्यक्रम की झलक












For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir


RNI : GUJMUL/2014/66126 ISSN 2454-3705

आचार्य श्री कैलाससागरसूरि ज्ञानमंदिर का मुखपत्र

# श्रुतसागर શ્રુતસાગર

# SHRUTSAGAR (Monthly)

वर्ष-६, अंक-१, कुल अंक-६१, जून-२०१९

Year-6, Issue-1, Total Issue-61, June-2019

वार्षिक सदस्यता शुल्क - रु. १५०/- ❖ Yearly Subscription - Rs.150/-

अंक शुल्क - रु. १५/- ❖ Price per copy Rs. 15/-

**आशीर्वाद**

**राष्ट्रसंत प. पू. आचार्य श्री पद्मसागरसूरीश्वरजी म. सा.**

| ❖ संपादक ❖ | ❖ सह संपादक ❖ | ❖ संपादन सहयोगी ❖ |
|---|---|---|
| हिरेन किशोरभाई दोशी | रामप्रकाश झा | राहुल आर. त्रिवेदी |

एवं

ज्ञानमंदिर परिवार

१५ जून, २०१९, वि. सं. २०७५, ज्येष्ठ शुक्ल-१३

**प्रकाशक**

**आचार्य श्री कैलाससागरसूरि ज्ञानमंदिर**

(जैन व प्राच्यविद्या शोध-संस्थान एवं ग्रन्थालय)

श्री महावीर जैन आराधना केन्द्र कोबा, गांधीनगर-३८२००७

फोन नं. (079) 23276204, 205, 252 फैक्स : (079) 23276249, वॉट्स-एप 7575001081

**Website** : www.kobatirth.org **Email :** gyanmandir@kobatirth.org

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## अनुक्रम


| | | |
|---|---|---|
| १. संपादकीय | रामप्रकाश झा | ५ |
| २. गुरुवाणी | आचार्य श्री बुद्धिसागरसूरिजी | ६ |
| ३. Awakening | Acharya Padmasagarsuri | ८ |
| ४. ज्ञानसागरना तीरे तीरे | डॉ. कुमारपाल देसाई | ९ |
| ५. प्रवचनपरीक्षा षट्त्रिंशिका | गणि सुयशचंद्रविजयजी | १२ |
| ६. चारित्रमनोरथमाला | मिनाक्षी एच. शेडगे | १६ |
| ७. गुजराती बोलीमां विवृत अने संवृत ए-ओ | चुनीलाल वर्धमान शाह | २४ |
| ८. श्रुतसेवा के क्षेत्र में आचार्य श्री कैलाससागरसूरि ज्ञानमंदिर का योगदान | राहुल आर. त्रिवेदी | २७ |
| ९. पुस्तक समीक्षा | डॉ. हेमन्तकुमार | ३२ |
| १०. समाचार सार | - | ३४ |


**आतम अनुभव रस कथा प्याला पिया न जाय।**
**मतवाला तो ढह पड़े निमता पड़े पचाय॥**

**प्रत क्र. १५१८७**

**भावार्थ-** आत्मानुभव रूपी रस की कथा का प्याला सभी व्यक्ति नहीं पी सकते हैं, इसे पीकर जिसके पास अहंकार आ जाए, उसका पतन हो जाता है और इसे पीने के बाद भी जो नम्रता को धारण करता है, वही इसे पचा सकता है।

## ❖ प्राप्तिस्थान ❖


**आचार्य श्री कैलाससागरसूरि ज्ञानमंदिर**

तीन बंगला, टोलकनगर, होटल हेरीटेज़ की गली में

डॉ. प्रणव नाणावटी क्लीनिक के पास, पालडी

अहमदाबाद - ३८०००७, फोन नं. (०७९) २६५८२३५५


For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# संपादकीय

**रामप्रकाश झा**

श्रुतसागर का यह नूतन अंक आपके करकमलों में समर्पित करते हुए हमें अपार प्रसन्नता की अनुभूति हो रही है।

प्रस्तुत अंक में **“गुरुवाणी”** शीर्षक के अन्तर्गत **“सद्गतिनो उपाय”** लेख प्रकाशित किया जा रहा है, जिसमें सद्गति की प्राप्ति हेतु आध्यात्मिक उपायों का वर्णन किया गया है । द्वितीय लेख राष्ट्रसंत आचार्य भगवंत श्री पद्मसागरसूरीश्वरजी म. सा. के प्रवचनों की पुस्तक ‘Awakening’ से क्रमबद्ध श्रेणी के अंतर्गत संकलित किया गया है, जिसके अन्तर्गत जीवनोपयोगी प्रसंगों का विवेचन किया गया है। **“ज्ञानसागरना तीरे तीरे”** नामक तृतीय लेख में डॉ.कुमारपाल देसाई के द्वारा आचार्यदेव श्रीमद् बुद्धिसागरसूरीश्वरजी म. सा. के जीवन, व्यक्तित्व एवं कृतित्व का परिचय प्रस्तुत किया गया है।

अप्रकाशित कृति प्रकाशन के क्रम में सर्वप्रथम पूज्य गणिवर्य श्री सुयशचन्द्रविजयजी म. सा. के द्वारा सम्पादित खरतरगच्छ के कवि श्रीसार के द्वारा रचित **“प्रवचनपरीक्षा षट्त्रिंशिका”** प्रस्तुत की जा रही है। इस कृति में मुख्य रूप से अहिंसा के सिद्धान्त का वर्णन किया गया है, साथ ही सम्यक्त्व, मिथ्यात्व तथा इसके अवान्तर भेदों को भी समझाने का प्रयत्न किया गया है । द्वितीय कृति के रूप में श्रीमती मीनाक्षी एच. शेडगे के द्वारा सम्पादित **“चारित्रमनोरथमाला”** प्रकाशित किया जा रहा है। इस कृति में चारित्र का अर्थ व स्वरूप स्पष्ट करते हुए उसके लिए की जानेवाली भावना का वर्णन किया गया है।

पुनःप्रकाशन श्रेणी के अन्तर्गत इस अंक में बुद्धिप्रकाश, ई.१९३४, पुस्तक-८१,अंक-३ में प्रकाशित **“गुजराती बोलीमां विवृत अने संवृत ए-ओ”** नामक लेख का अन्तिम अंश प्रकाशित किया जा रहा है। इस लेख में सत्रहवीं सदी तथा उसके पूर्व की गुजराती बोलियों में हुए परिवर्त्तनों का वर्णन किया है।

पुस्तक समीक्षा के अन्तर्गत पंन्यास श्री सम्यग्दर्शनविजयजी म. सा. के द्वारा सम्पादित **“ज्ञानविमल साहित्य संग्रह”** पुस्तक की समीक्षा प्रस्तुत की जा रही है। इस पुस्तक में पूज्य साध्वी श्री नम्रगिराश्रीजी म. सा. के द्वारा १०० वर्ष पूर्व सम्पादित श्री ज्ञानविमलसूरिजी के द्वारा गुजराती भाषा में रचित स्तुत्यात्मक कृतियों का पुनः प्रकाशन किया गया है ।

इस अंक में **“श्रुतसेवा के क्षेत्र में आचार्य श्री कैलाससागरसूरि ज्ञानमन्दिर का योगदान”** नामक शीर्षक के अंतर्गत संशोधन,सम्पादन व श्रुतसेवा के क्षेत्र में आधुनिक तकनीकों के उपयोग के महत्त्व पर प्रकाश डाला गया है ।

हम यह आशा करते हैं कि इस अंक में संकलित सामग्रियों के द्वारा हमारे वाचक अवश्य लाभान्वित होंगे।

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# गुरुवाणी

आचार्य श्री बुद्धिसागरसूरिजी

## सद्गतिनो उपाय

जेठ वदि ३ना रोज प. पू. योगनिष्ठ आचार्य श्री बुद्धिसागरसूरीश्वरजी म.सा. नी ९४मी पुण्यतिथि छे. आ प्रसंगे तेओश्री द्वारा प्रस्तुत सद्गति प्राप्तिना सुंदर आध्यात्मिक उपायनी वात अत्रे प्रस्तुत करी छे.

---

संवत् १९६८ वैशाख शुदि ११. शनिवार ता. २७-४-१२ उमेटा.

ज्ञानरूप दीपवडे आत्मारूप घरमां रहेली ऋद्धिने देखवी जोइए। जे योगी होय छे ते आन्तरिक लक्ष्मीने प्राप्त करवा प्रयत्न करे छे। आत्मा प्रसन्न होय छे, त्यारे सद्गति थाय छे, अने आत्मा प्रति आत्मा अप्रसन्न होय छे त्यारे दुर्गति थाय छे। माटे आत्मावडे आत्मानुं ध्यान धरवुं जोइए।

सर्वतीर्थने पूजीने सर्वतीर्थरूप बननार आत्मा शरीरमां रहेलो छे। एवा आत्मारूप तीर्थनां दर्शन करवां जोइए। सत्व, रजो अने तमो गुणातीत आत्मानुं शुद्ध स्वरूप छे। आत्मारूप देव वस्तुतः सात धातुथी रहित छे। पोताना ज्ञानादि गुणमां रमण करनार आत्मा पोते देव बने छे। संतोषरूप अमृतमां मग्न रहेनार अने जेने शत्रु मित्र सम छे, एवा तथा शाता अने अशाताने समभावे वेदनार रागद्वेषथी पराङ्मुख अने आत्मज्ञान वडे बाह्य सांसारिक क्लेशोने भूलनार एवा पूज्य महात्माओ मोक्ष प्राप्त करे छे।

शुद्धस्फटिकसमान सर्वज्ञगुण विभूषित अने परमात्मकलायुत एवा आत्माने मनुष्योए ध्याववो जोइए। आत्मतत्त्वनुं ज्ञान कर्या बाद होम वगेरे हिंसामय प्रवृत्तिने सुज्ञ मनुष्यो करता नथी। आत्मज्ञान ए परमतीर्थ छे, पण नदीनुं जल कंइ तीर्थ गणातुं नथी। नदीओना कांठे शुद्ध हवा होय छे तेथी एकान्त स्थानमां योगीओ त्यां आत्मध्यान धरे छे। अने परम स्थिरतानो अनुभव करे छे।

व्यावहारिक धर्माचारोने आचरीने आत्माना गुणो प्रकटाववा माटे संतो प्रयत्न करे छे। आत्मज्ञान तेज परमशौच छे। ते विना अन्य पौद्गलिक वस्तुओ वस्तुतः शौचरूप गणाय नहि। कायामां रहेता आत्माने कायारहित ध्याववो अने आत्माना शुद्ध धर्ममां मनने स्थिर करी देवुं। **अहं निरञ्जनो देवः, सर्वलोकाग्रमाश्रितः। इति ध्यानं सदा ध्यायेदक्षयस्थानकारणं॥** हुं निरंजन देव छुं, सर्व लोकना अग्रभागे आश्रित छुं एवुं

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ध्यान सदा ध्यानीए ध्याववुं जोइए। अक्षय स्थाननुं कारण ध्यान छे। पवन स्थिर थाय छे त्यारे मन स्थिर थाय छे। आवी हठयोगनी प्रक्रियानुं रहस्य अनुप्रेक्षणीय छे। मननी स्थिरता माटे योगाभ्यासनी जरूर छे।

जेम जेम मननो बाह्य व्यापार टळे छे, तेम तेम मोहनां स्थानक विलय पामे छे, माटे मनोव्यापारनी बाह्य प्रवृत्ति टाळवा सदाकाल अभ्यास करवो। आत्मामां लागेलुं अने विषयथी उठी गयेला मनथी उन्मनीभाव प्राप्त थाय छे। ध्याता अने ध्येयनुं ऐक्य थतां आत्मा समरसी भावने प्राप्त करे छे। योगदीपमाला **सोमसूर्यद्वयातीतं, वायुसंचारवर्जितम्। संकल्परहितं चित्तं(?) परं ब्रह्म निगद्यते॥** आत्मज्ञानवडे आत्मानुं शुद्ध ध्यावतां मननी चंचलता टळे छे।

**धार्मिक गद्य संग्रह भा.१ पृ.२८३-२८४**

✲ ♦ ✲

## प. पू. राष्ट्रसंत आचार्यश्री पद्मसागरसूरीश्वरजी संभवित विहार कार्यक्रम

| क्रम | गाँव | कि.मी. | दिनांक | क्रम | गाँव | कि.मी. | दिनांक |
|---|---|---|---|---|---|---|---|
| | **राजस्थान** | | | १८. | रेवदर | ९ | २१-०६-१९ |
| १. | नाकोड़ाजी तीर्थ | १२ | ३१-०५ से ०१-०६-१९ | १९. | भटाना | १४ | २२-०६-१९ |
| | | | | | **गुजरात** | | |
| २. | बालोतरा | १२ | ०२-०६-१९ | २०. | इकबालगढ | २१ | २३-०६-१९ |
| ३. | आसोतरा | २० | ०३-०६-१९ | २१. | चिल्लासणी | १३ | २४-०६-१९ |
| ४. | सिषाणा | १५ | ०४-०६-१९ | २२. | पालनपुर | १३ | २५-०६-१९ |
| ५. | मोकलसर | १५ | ०५-०६-१९ | २३. | मगरवाड़ा | १५ | २६ से २७-०६-१९ |
| ६. | मांडवला | १५ | ०६-०६-१९ | | | | |
| ७. | रेवतडा | २० | ०७ से ०९-०६-१९ | २४. | छापी | ९ | २७-०६-१९ (शाम) |
| ८. | बाकरा रोड़ | १४ | १०-०६-१९ | २५. | सिद्धपुर | ११ | २८-०६-१९ |
| ९. | मोद्रण | १० | ११-०६-१९ | २६. | उंझा | १२ | २९-०६-१९ |
| १०. | बोरता | १३ | १२-०६-१९ | २७. | भांडू | १३ | ३०-०६-१९ |
| ११. | कोलपुरा | १० | १३-०६-१९ | २८. | महेसाणा | १४ | ०१ से ०२-०७-१९ |
| १२. | भिनमाल | १४ | १४ से १५-०६-१९ | २९. | सेफ्रोनी | १३ | ०३-०७-१९ |
| १३. | मंधार | १० | १५-०६-१९ | ३०. | नंदासण | १४ | ०४-०७-१९ |
| १४. | डीररा | १४ | १६-०६-१९ | ३१. | नवकारतीर्थ | १० | ०४-०७-१९ (शाम) |
| १५. | जसवंतपुरा | १३ | १७-०६-१९ | | | | |
| १६. | दातराई (दंतौ) | १६ | १८-०६-१९ | ३२. | शेरथा | १८ | ०५-०७-१९ |
| १७. | जीरावलातीर्थ | ६ | १९ से २०-०६-१९ | ३३. | कोबा | १५ | ०६-०७-१९ |

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# Awakening

**Acharya Padmasagarsuri**

**(from past issue...)**

The great poet, Shri Shantha Prakash, “Satya Das” has written:

“If I wish, I can melt a stone. If I wish I can show the existence of God and if I wish, I can give life to a dead body and teach it language.”

“If I wish,” that is if I propose to do so, I can do everything. In this world, there is nothing that is impossible.

In an excellent couplet, the great poet, Kabir has expressed the idea that when a child is born it cries and others smile and feel happy and when the child grows up into a man, he must perform such noble actions that when he dies he must smile not caring for death and others must weep thinking that they are losing a great man and that his death is a misfortune to them.

People remember only those great men who help others. You must also help others according to your ability and if some body gives you help you must be grateful to him.

The dog serves its master according to its ability. It never deceives its master. The man who deceives one who helps him is like one who makes a hole in the plate off which he eats his food. Such a man is ungrateful. The man in whose life, ingratitude takes the place of gratitude is worse than a dog.

One man who is grateful to his benefactors inspires ten men to be charitable and benevolent. But, on the contrary, one ungrateful man prevents the emergence of a hundred benefactors. Only a man who knows himself and the nature of his soul can show the quality of gratitude. God’s mercy, the mentor’s percepts and righteous conduct are essential for the realization of the self.

**(continue...)**

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# ज्ञानसागरना तीरे तीरे
# (योगनिष्ठ आचार्य श्रीमद् बुद्धिसागरसूरीश्वरजी महाराज : २)

**डॉ. कुमारपाल देसाई**

(गतांकथी आगळ..)

रोजनीशीमां आलेखायेला सात कडीना आ काव्यनी एक खूबी ए छे के आखा काव्यनुं आलेखन सहेज पण छेकछाक वगरनुं जोवा मळे छे। हृदयमां जागतो भाव सीधेसीधो ज रोजनीशीनां पानां पर अंकातो गयो होय तेम लागे छे। आमां तेओने शाब्दिक फेरफारो पण करवा पड्या नथी!

अहीं गुरुभावनानुं गौरव करतां तेओ कहे छे :

**''ऊंघ्यो देव जगावीयो रे - देह देरासरमांही -**
**प्रगटे वह्नि वह्निथी रे - गुरुथी गुरुपणुं मांही।'' -**

आ पछी आचार्यश्री बुद्धिसागरसूरिजी गुरुशिष्यना ऐक्यनी वात करीने वि. सं. १९७१ना नूतन वर्षना प्रारंभे भावपूर्वक गुरुने स्मरे छे। तेओए गायेलो आ गुरुमहिमा अनुभूतिना पाया पर रचायेलो होवाथी वधारे हृदयस्पर्शी बन्यो छे। विजापुरना एक निरक्षर कणबी कुटुंबना बाळकनुं गुरुकृपाए ज योगनिष्ठ आचार्य तरीके आध्यात्मिक रूपांतर थयुं हतुं, ए अहीं पण जोई शकाय छे।

रोजनीशीना आरंभे 'स्व'मां परमात्मभाव अनुभववानी पोतानी झंखनाने प्रगट करतां तेओ कहे छे :

''सर्व जीवोनी रक्षार्थे प्रवृत्ति कराओ। सत्य वदवामां जीवन वह्या करो। अस्तेय, ब्रह्मचर्य, परिग्रहत्याग वगेरेनी आराधना परिपूर्ण द्रव्य अने भावथी थाओ। अप्रमत्तपणे आत्मसमाधिमां द्रव्य अने भावथी स्वजीवन वहो। जैन शासननी प्रभावना थाय एवा संयोगो प्राप्त थाओ। जैन दृष्टिए, शासनरक्षक दृष्टिए, सर्वजीवदया दृष्टिए, सर्व नामोनी अपेक्षाए मन, वचन अने कायामां क्रिया (कर्म), योगित्व अने ज्ञानयोगित्व प्रगटो। अध्यात्मज्ञाननां उच्च रहस्योना अनुभव वडे आत्मा सहजानंदमां मस्त रहो। अप्रमत्त भावनी जीवन्मुक्तिमां शुद्धोपयोग वडे स्थिरता थाओ। उत्तम ज्ञान, दर्शन अने चारित्र द्वारा 'स्व'मां परमात्मत्व अनुभवाओ।''

आ एक वर्ष दरमियान एमणे अनेक स्थळोए विहार कर्यो हतो। एमां माणसा, रिद्रोल, विजापुर, ईडर, खेडब्रह्मा, कुंभारियाजी, अंबाजी, आबु, अचलगढ, दांतीवाडा,

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



पालनपुर, सिद्धपुर, ऊंझा, महेसाणा, भोयणी, वीरमगाम, गोधावी, कलोल, पानसर अने पेथापुर जेवां जाणीतां गामो उपरांत अन्य गामोनो पण समावेश थतो हतो, परंतु एक वर्षमां करेला आटला विहार दरमियान एमनी वांचनप्रवृत्ति तो सतत अने तीव्र वेगे चालु रही हती। पोते वांचेलां पुस्तकोनी नोंध तेओ रोजनीशीमां करता जाय छे।

आ एक ज वर्षमां एमणे 'समयप्राभृत', शुभचंद्र आचार्यकृत 'ज्ञानार्णव-सारोद्धार' (बीजी वखत), 'राजेन्द्राभिधानकोश' (भा। १), 'ज्ञानचक्र' (भा। ८), 'महाबलमलयासुंदरी', 'संस्कृत तिलकमंजरी', 'चंद्रप्रभु', 'विक्रमोर्वशीयम्' (भाषांतर), 'विद्यदूरत्नमाला' अने 'जैन दृष्टिए योग' जेवां पुस्तको वांच्यां; ज्यारे आचार्य आनंदशंकर ध्रुवनुं 'धर्मवर्णन', मननपूर्वक वांच्युं एम कहे छे, तो माणसाना दरबार पासेथी लीधेलुं 'रत्नमाल' पुस्तक वांचीने पाछुं आप्यानी नोंध मळे छे। ए ज रीते साणंदनी सरकारी लाइब्रेरीमांथी लीधेलां पुस्तको वांचीने पाछां आप्यां, तेनी यादी पण मळे छे। आ ग्रंथो उपरांत 'गुजरातनो अर्वाचीन इतिहास', 'कणबी-क्षत्रिय इतिहास' अने 'पद्ममहापुराण' जेवा ग्रंथो वांच्या हता, 'जीवनशक्तिनुं बंधारण', 'स्वामी रामतीर्थनो सदुपदेश' (भाग ७), 'गुजरात सर्वसंग्रह', 'स्वदेश', 'हिंदनी उद्योगस्थिति', 'भारत लोककथा', 'दरियापारना देशोनी वातो' जेवां पुस्तको पण वांच्यां हतां, 'अध्यात्मोपनिषद'नुं चोथी वार मनन कर्युं, तो 'जोन ओफ आर्क', 'कुमुदिनी', 'आंख की कीरकीरी', 'शांतिकुटिर', 'सुभाषितमुक्तावलि' तेम ज 'नर्मकविता' जेवा ग्रंथो पण वांच्या हता। वळी, वि. सं. १९७१नी वैशाख सुद पांचमना रोज श्री मोतीचंद गिरधरलाल कापडियाए आनंदघननां पदो पर लखेली प्रस्तावना अने उपोद्घात वांच्यानी नोंध पण मळे छे। आ वर्ष दरमियान एमनी लेखनप्रवृत्ति चालती रही हती। 'कर्मयोग' नामनो एमनो ग्रंथ छपातो हतो ए पण नोंध्युं छे। विहार अने व्याख्यानो चालतां हतां, एनी साथोसाथ आटली बधी ज्ञानप्रवृत्ति चालु राखवी ते विरल ज कहेवाय। क्यारेक कोई जिज्ञासुनेय अभ्यासमां सहायभूत थता हता। संवत १९७१नी मागशर वद अमासे शा. मोहनलाल जेशिंगभाईने पांचमा कर्मग्रंथनी सित्तेर गाथा सुधी अभ्यास कराव्यानी नोंध पण मळे छे। सं. १९७१ना पोष सुदि छठनी नोंधमां तेओ लखे छे –

"सांजना समये कडी प्रांतना सुबासाहेब रा. गोविंदजीभाई हाथीभाई दर्शनार्थे आव्या। तेमने प्रजानी सेवा करवी, साधुओनो उपदेश श्रवण करवो, प्रजाजनोनां दुःखो तरफ लक्ष्य देवुं, लाइब्रेरीओ, बोर्डिंगो विशेष प्रमाणमां व्यवस्थापूर्वक उघाडवा माटे उपदेश दीधो। गायकवाडी राज्यमां साधुओने माटे संस्कृत पाठशाळा उघाडवा उपदेश

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



दीधो।'' आवी ज रीते फागण वद ८ना दिवसे ''प्रो. राममूर्ति सेन्डोनी मुलाकात लई धार्मिक विचारोनो उपदेश आप्यो'' एवी नोंध पण मळे छे।

एमनो साहित्यप्रेम सर्वत्र देखाय छे। तेओ गुजराती साहित्यना वर्तमान प्रवाहो अने साक्षरोथी परिचित हता। गुजराती साहित्यना संशोधक श्री के. ह. ध्रुव विशे एमणे लखेला अप्रगट स्तुतिकाव्यमां आ ज्ञानी अने ध्यानी योगीराजने साहित्यसंशोधक प्रत्ये केटलो आदर छे, ते प्रगट थाय छे। तेओ कहे छे :

**''मिलनसार स्वभावे सारा, साक्षरवर्गमां प्यारा,**
**उत्तम विद्याना आधारा, सद्गुणना अवतारा।**
**धन्य धन्य शुभ मात तात ने, धन्य गुर्जर अवतारी,**
**मोटा मनना शुभ परमार्थी, तव जीवन बलिहारी।**
**अमर कर्युं निज नाम जगतमां, गुणकारी शुभकारी,**
**'बुद्धिसागर' मंगल पामो, गुणगणना भंडारी।''**

आवी ज रीते साणंदथी आचार्यश्री बुद्धिसागरसूरिजीए मुनिश्री जिनविजयजीने मैत्रीने बिरदावतुं अने ज्ञानवृद्धिनी अभिलाषा प्रगट करतुं आठ कडीनुं काव्य लख्युं छे।

आ रोजनीशीनो केटलोक भाग 'कर्मयोग', 'भजनसंग्रह', 'जैनगीता' अने 'सुखसागर गुरुगीता' नामे एमना ग्रंथोमां प्रगट थयो छे। आथी अहीं अप्रगट एवा गद्य अने पद्य भागने जोवानो उपक्रम राख्यो छे। आमां साची भक्तिने बतावता एमना एक अप्रगट काव्यमां तेओ 'हरिनो मारग शूरानो छे' एम कहेता जणाय छे। तेओ कहे छे के, मात्र मुखेथी भक्त कहेवडाववाथी काम पती जतुं नथी। एने माटे तो प्रयत्न अने निष्काम भावना जरूरी छे। तेओ आवा कृतक भक्तोने पूछे छे :

**''कहे मुखथी तमारो छुं, तमोने सौ समर्पण छे।**
**विचारी आप उत्तरने, अमारी शी करी सेवा?**
**त्हने लक्ष्मी घणी व्हाली, तने कीर्ति घणी व्हाली,**
**कहे छे भक्तिनो भूख्यो, अमारी शी करी सेवा?''**

आम कहीने विवेक विना वित्त खरचवानी, असत्य अने परिग्रहनी तेम ज संसारना प्रवाहमां गतानुगतिक रीते तणावानी सामान्य जनोनी मनोवृत्तिनी वात करीने भारपूर्वक कहे छे –

**(क्रमशः)**

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# कवि श्रीसार कृत
# प्रवचनपरीक्षा षट्त्रिंशिका

**गणि सुयशचंद्रविजयजी**

प्रवचन एटले सिद्धांत, तेनी परीक्षा एटले प्रवचन परीक्षा। विशेषे कहिये तो सिद्धांत केवो होय? तेनुं स्वरूप शुं होय? तेने सम्यक् कई रीते कहेवाय? तेनी वर्णना करतो ग्रंथ ते ज प्रवचन परीक्षा। प्रस्तुत कृतिमां कृतिकारश्रीए मुख्यतया अहिंसा धर्मना सिद्धांतने सूक्ष्मताथी वर्णव्यो छे। तो साथे-साथे सम्यक्त्व, मिथ्यात्व तथा तेना अवांतर भेदोने समजाववानो पण कविए अहीं सुंदर प्रयत्न कर्यो छे। काव्यना शब्दो एकंदरे सरळ छे। विशेषमां "छूटिस्यइ, लहिस्यइ" जेवा शब्द प्रयोगोमां कोई प्रांतिय बोलीनी छांट जोवा मळे छे। कवि श्रीसार खरतरगच्छना प्रसिद्ध विद्वान छे तेमणे आ सिवाय पण अन्य नानी मोटी घणी गुर्जर काव्य रचनाओ करी छे। प्रस्तुत कृति जेवी ज प्रवाहितता तेमना अन्य सर्जनोमां जोवा मळे छे।

प्रान्ते प्रस्तुत कृतिनी हस्तप्रतनी फोटोकॉपी आपवा बदल खंभात-अमरशाळा ज्ञानभंडारना व्यवस्थापकोनो तथा शेठश्री मणीलाल पीतांबरदास हस्तलिखित शास्त्रसंग्रहना ट्रस्टीगणनो खूब खूब आभार।

***।। नमो वीतरागाय ।। [राग]मालवी गउडउ जाति ।।***

साचइ मनइं जिनधर्म सेवउ, इम कहइ अणगार रे,
सिद्धंत सूत्र विचारि जोइज्यो, अछइ अरथ अपार रे ।।१।। साचइ...

धरमनी वातइं मूढ प्राणी, कांइ करउ चुपचाप रे,
धरम रउ ए मरम साचउ, जीवहिंसा पाप रे ।।२।। साचइ...

धरमनइं अरथइ जीवहिंसा, धरइ नव नव रंग रे,
ते घणा जामण[१] मरण लहिस्यइ, आखि[२] आचारंग रे ।।३।। साचइ...

हिंसा थकी किम धरम थायइ, जोइ उपदेस-माल रे,
कपटनइ मारग सहू राचइ, साचनउ नहीं काल रे ।।४।। साचइ...

त्रस अनइ थावर तणी निश्रा, अछइ जीव अनेक रे,
इक जीव हिंस्या(सा) सहू हिंस्या(सा), धरउ चित्ति विवेक रे ।।५।। साचइ...

---

१. जन्म. २. बोले,

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir


जउ जीवनी जयणा करंतां, कोइ जीव हणाय रे,
तेहनइ लागइ पाप थोडउ, घणउ धर्म ज थाय रे ॥६॥ साचइ...

केतला प्रकरण अनइ टीका, सूत्रथी विपरीत रे,
सिद्धंत मिलता जेह साचा, धरउ तिणिसूं (सुं)प्रीत रे ॥६(७)॥ साचइ...

कारिम स्वारथ तणा वाह्या, एक भवनइ काज रे,
जिन(वचन) मिथ्या करइ ते किम, छूटिस्यइ[३] महाराज रे ॥७(८)॥ साचइ...

आगम थकी विपरीत करणी, घणी दीसइं आज रे,
आपणी जांघ उघाडगि हिव[४], आपनइ इज[५] लाज रे ॥८(९)॥ साचइ...

जे साच कहतां रीस करिस्यइ, ते करउ सउ वार रे,
घासिस्यइ[६] दांतनि वातथी[७] जउ, तउ किसउ उपचार रे ॥९(१०)॥ साचइ...

इक वक्र जडनइ च्यारि अक्षर, भण्या द्यइ पग छाडि[८] रे,
इक वानरउ नइ[९] डस्यउ[१०] वींछू[११], पछइ किणिरइ[१२] पाडि[१३] रे ॥१०(११)
॥साचइ...

जिनवचन साचा केम विघटइ, नहीं पूरउ मांझ[१४] रे,
ए लोक साचउ कहइ म्हारी, मात तउ किम वांझ रे ॥११(१२)॥ साचइ...

तप तपउ किरिया करउ दिन प्रति, घणां खरचउ वित(त्त)[१५] रे,
समकित विना सहि फोक कहियइ, सार इक समकित(त्त) रे ॥१२(१३)॥ साचइ...

इक देव तउ[१६] अरिहंत सेवउ, सुगुरु तउ अणगार रे,
वीतरागभाषित धर्म सेवउ, जिम तरउ संसार रे ॥१३(१४)॥ साचइ...

सूखमनइ बादर जीव हणतउ, मुगति न गयउ कोइ रे,
जे जीवहिंसा थकी विरम्या, तेहना फल जोइ रे ॥१४(१५)॥ साचइ...

केई एक तिणि भवि मुगति पहुता, पहुचिस्यइ केई एक रे,
मुनिराय मेतारिज तणी परि, राखिज्यो निज टेक रे ॥१५(१६)॥ साचइ...

वावडी कूप तलाव काजइं, हणइ पृथिवी जेह रे,
वीतराग दसमइं अंग भाखइ, मंदबुद्धी तेह रे ॥१६(१७)॥ साचइ...

३. छूटशे, ४. हवे, ५. इजत ?, ६. घसे, ७. वायुथी, ८. ?, ९. वांदरो, १०. डस्यो, ११. वींछी, १२. बूमो, १३. पाडवी, १४. मध्ये, वचमां?, १५. पैसा, १६. तो,

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



कइ जीवहिंसा कइ हिंसा, धरम ए किण वात रे,
जे हलू(लु)-करमा तेह जाणइ, स्यूं(स्युं) कहां तस मात रे ॥१७(१८)॥ साचइ...

हिंसा थकी दुख लाख थास्यइ, दयाथी सुख-थाट रे,
जिम भलां जाणउ तेम विचरउ, कही बेऊं वाट रे ॥१८(१९)॥ साचइ...

पजूसणादिक परव आव्यां, कीजीयइ जिनधर्म रे,
पालियइ जीवदया भली परि, धर्म रउ ए मर्म रे ॥१९(२०)॥ साचइ...

तिणि परव आव्यां दलइ पीसइ, हणइ मूढ छ काय रे,
गाडरी परवाह[१७] पडियां, धरम इम किम थाय रे ॥२०(२१)॥ साचइ...

जिनधम(र्म)-आगममांहि निरमल, लहइ जिहां तिहां सोह रे,
पिण आज धसमस धणी तिजतां[१८], हुअउ भैसा-डोह[१९] रे ॥२१(२२)॥ साचइ...

भगवंत पहुता मुगति नगरी, नीरंजन निराकार रे,
चिदानंद ज्योती(ति)रूप सोहइ, सकल-जन-सुखकार रे ॥२२(२३)॥ साचइ...

तेहनइ जिमिवा[२०] भणी अविधइं, भला भरि भरि थाल रे,
घृत सालिनइ पकवान मेल्हइ, ए किसउं जंजाल रे ॥२३(२४)॥ साचइ...

लोकीक लोकोत्तर क्रियायइं, मेर(रू)[२१] सरिसव फेर [रे],
पिण आज किहां किहां एक दीसइ, ए वडउ अंधेर रे ॥२४(२५)॥ साचइ...

लोकीकथी पिण अछइ विरूअउ, लोकोत्तर-मिथ्यात रे,
वछनागथी पिण विस कहीजइ, सहत घृत सम मात रे ॥२५(२६)॥ साचइ...

समकित तणी जे सार न लहइ, न जाणइ नवतत्त्व रे,
श्रावक नहीं पिण तेह सावज, जाणिज्यो इकचित्त रे ॥२६(२७)॥ साचइ...

इक जीवरक्षा सुद्ध पालइ, प्रथम समकित सुद्ध रे,
तउ जाणि सोभइ अनइ सुरहउ[२२], मिल्या मिश्री दुद्ध रे ॥२७(२८)॥ साचइ...

धन तेह जे संसार तजि(जी)नइ, आदरइ मुनिवेस रे,
त्रस अनइ थावर जीव न हणइ, तिम न द्यइ उपदेस रे ॥२८(२९)॥ साचइ...

---

१७. प्रवाह, १८. त्यजता, १९. ?, २०. जमवा, २१. जंगली प्राणी, २२. ?,

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



जे साधु हुइ प्राणी हणावइ, वचन बोलइ कूड रे,
तप तप्पउ भणियउ अनइ गुणियउ, सर्व तिणि रउ धूड[२३] ॥२९(३०)॥ साचइ...

इम विधइं संयम विधइं पूजा, मुगतिनउ छइ खंध[२४] रे,
अविधिनउ कीधउ दान तप जप, जाणिज्यो सहि धंध[२५] रे ॥३०(३१)॥ साचइ...

घरनी अवस्था.......जिनवर, नमइ तेह अलीक रे[२६],
न्याननइ निरवान दीक्षा, तीन ए वंदनीक रे ॥३१(३२)॥* साचइ...

वीतराग आगलि पुत्र ईछइ[२७], वधारइ[२८] नालेर[२९] रे,
जउ लाभ हुइ तउ आवि खरचइ, सूखडी दस सेर रे ॥३२(३४)॥ साचइ...

सीयलनइ सीतलनाथ पूजइ, नमइ ईछइ जात रे,
जिनमत तणा ते जाण कहियइ, पिण न जाणइ वात रे ॥३३(३५)॥ साचइ...

जे कहइ सावद्य वदइ जिनवर, ते न जाणइ भेद रे,
सावद्य जिनवर कदे[३०]न वदइ, वात ए द्रु[३१]वेद रे ॥३४(३६)॥ साचइ...

आगम तणी रह[३२]रीति चलतां, कहइ कोइ अजाण रे,
तेहनइ दीजइ एह उत्तर, पूछिज्यो व्रधमान रे ॥३५(३७)॥ साचइ...

कलहंस जिम करिज्यो परीक्षा, स्यूं(स्युं) कहां वार वार रे,
वीतराग वदियउ[३३]तेह साचउ, इम कहइ श्रीसार रे ॥३६(३८)॥ साचइ मनइ...

***॥ इति श्रीप्रवचनपरीक्षाषट्त्रिंशिका समाप्ता । लिखता कृता चेयं श्रीजेसलमेरौ । वाच्यमाना चिरं नन्दतु ॥ श्रीः स्यात् जिनमतरतानाम् ॥***

दंसण वय सामाइय पोसह पडिमा अबंभ सच्चित्ते ।
आरंभ पेस उद्दिट्ठ वज्जए समणभूए य ॥ (प्रवचनसारोद्धार गाथा.९८०)

❊ ♦ ❊

२३. धूळ ?, २४. स्कंध, २५. मिथ्या प्रवृत्ति, २६. खोटो, २७. ईच्छे २८. वधेरे. २९. नाळीयेर, ३०. क्यारेय पण, ३१. ध्रुवना तारा जेवी, ३२. रथ-रीत (?), ३३. कह्युं.

*चउ...नीच...गाथा... इ... एक... र ....रे ।
....... वजो......समी.......भलउ विचार रे साचइ...॥३२(३३)॥
आ उद्धरण गाथा प्रतमां प्रक्षेपायेली छे.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# श्री खेमराजमुनि कृत

# चारित्रमनोरथमाला

मिनाक्षी एच. शेडगे

## प्रस्तावना :-

जेनुं एक दिवसनुं पालन पण मोक्ष आपवा समर्थ छे, जेनुं पालन श्री तीर्थंकर भगवंतोए स्वयं करेल छे, केवलज्ञान-केवदर्शन थया पछी जिनेश्वरोनी देशनामां सर्व प्रथम जेनी प्ररूपण कराय छे; जेनुं पालन खांडानी धार समान मनाय छे; एवा चारित्रनुं पालन करी आज सुधी अनंत-अनंत आत्माओ मुक्तिवधुने वर्या अने पुरुषार्थमां सफळ थया। ए पुरुषार्थनुं सत्त्व हजी जेओमां प्रगट्युं नथी, तेओए अंतरना उमंग अने उछरंगथी जे महान मनोरथो कर्या एने कंडारती महान कृति एटले चारित्रमनोरथमाला। वारंवार वांचन-मनन-चिंतनथी सिंह जेवुं सत्त्व प्रगटाववानी क्षमता धरावती आ एक विरल कृतिनुं संपादन करवानो अहीं प्रयास कर्यों छे। चारित्रग्रहणमां अशक्त जीवो आवा मनोरथो द्वारा पोताना चारित्रमोहनीयने खपावी आगामी समयमां जरूर तेने ग्रहण करवानी क्षमतावाळा बनी शके छे।

## कृति परिचय :-

प्रस्तुत कृति खेमराज मुनि (क्षेमराज मुनि) द्वारा मारुगुर्जर भाषामां पद्यबद्ध ५३ गाथाओमां रचायेली छे। आ कृतिमां आत्माने हितकारक एवा मनोरथोनुं वर्णन करवामां आव्युं छे। चारित्र एटले आत्मरमणता, आत्मगुणोमां स्थिरता अने आत्ममंदिरमां भेगा थयेला कर्म-कचराने खाली करवानी प्रक्रिया। चारित्र एटले वेषनुं परिवर्तन, नामनुं परिवर्तन, आत्मानुं परिवर्तन, पापोनो प्रतिज्ञापूर्वक त्याग, घर, माल, मिल्कत माता-पिता, स्वजन कुटुंबरूप बाह्य संसारनो त्याग, राग-द्वेष, कामक्रोधादि आंतरिक संसारनो त्याग। मनोरथ एटले मननी भावना। चारित्र माटे करायेल भावना एटले चारित्रमनोरथमाला।

प्रस्तुत कृतिमां कर्ता द्वारा प्रथम गाथामां आदिनाथ भगवाननी स्तुति कराई छे अने त्यार बाद विविध मनोरथोनुं वर्णन करायेल छे। आ कृतिमां आवता मनोरथ (भावना) ना विषय निम्न प्रकार छे-

१. विधियुक्त जिनधर्माराधना २. जिनवाणीश्रवण

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



| | |
|---|---|
| ३. गुरुसेवा | ४. जीवदया |
| ५. बारव्रतनो स्वीकार | ६. समकितनुं पालन |
| ७. शेत्रुंजयगिरिनी यात्रा | ८. शीयलव्रत पालन |
| ९. शुद्ध भावे तप | १०. प्रभुपूजा |
| ११. संयमग्रहण | १२. पंचमहाव्रत पालन |
| १३. समिति पालन आदि | १४. जिनाज्ञा पालन |
| १५. पडिलेहण | १६. आवश्यक विधि |
| १७. उपसर्ग | १८. काऊसग्ग |
| १९. विकथा निंदा परिहार | २०. स्वाध्याय |
| २१. इंद्रियदमन | २२. आगम अध्ययन |
| २३. कषायजय | २४. वैराग्य |
| २५. आहारशुद्धि | २६. अढार पापस्थान त्याग |

२७. गुरुपासेथी अभिग्रह-नियम ग्रहण

२८. मन-वचन-कायाना अकुशल व्यापारोने सारी रीते रोकी गुप्ति पालन

२९. चारित्रनो स्वीकार कर्या बाद हितमां प्रवर्तन स्वरूप सारणा-वारणादि (कर्तव्यने याद कराववा स्वरूप सारणा, अहितकारी प्रवृतिमांथी अटकाववा स्वरूप वारणा, संयमयोगमां स्खलना पामेलाने 'तमारा जेवाने आवुं करवुं शोभतुं नथी' वगेरे वचनो कहेवा स्वरूप चोयणा अने दरेक स्खलन वखते आ ज वस्तु वारंवार कहेवा स्वरूप पडिचोयणा अथवा दंड-शिक्षा ते रूप पडिचोयणा आ बधाने सारी रीते, खेद के दुख लाग्या विना आनंदपूर्वक हुं क्यारे सहीश ते)

उपरोक्त मनोरथो प्रस्तुत कृतिमां वर्णवेल छे।

अंते चारित्रभावना पुष्टि माटे धन्नाशालिभद्र, कयवन्ना, अर्जुनमाली जेवा दृष्टांतोनो उल्लेख कर्यो छे।

**कर्ता परिचय :-**

कृतिना अंते कर्तानाममां 'श्रीखेम कवि मुनीवर भणइ' एटलुं ज उपलब्ध थाय छे। जैनगुर्जर कविओ भाग-१ (पृ.१९०-१९१) तथा गुजराती साहित्यकोश

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



मध्यकाल भाग-१ (पेज नं-७५) मां प्राप्त थता विवरण प्रमाणे खरतरगच्छना जैन साधु जिनकुशलसूरिनी परंपरामां सोमध्वज गणि थया। सोमध्वज गणिना शिष्य खेमराज मुनि। छाजहड गोत्रना शाह लीलाना अने माता लीलादेवीना पुत्ररत्न खेमराज मुनि। आ कविए ई.१४६० मां जिनचंद्रसूरि पासे दीक्षा लीधानो अने ई.१५१३मां कोइ श्रावके एमनी पासे व्रत ग्रहण कर्यानो उल्लेख मळे छे। आ उपरथी कवि. ई.१५मी सदी उत्तरार्ध अने ई.१६मी सदी पूर्वार्ध दरम्यान होवानुं मानी शकाय छे।

आ कविए ८१ कडीनी 'श्रावकाचार चौपाई' (रचना वि. १५४६), 'उपदेश-सप्ततिका' (रचना ई.१४९१), २५ कडीनो '(फलवर्धी)पार्श्वनाथ रास', २३ कडीनी फागुबंधनी 'मंडपाचल (मांडवगढ)' चैत्य-परिपाटी, एकसोआठ 'पार्श्व स्तोत्र' तथा अन्य केटलांक स्तवनो अने सज्झायोनी रचना करी छे।

**प्रत परिचय :-**

प्रस्तुत कृति संबंधी प्रत आचार्य श्री कैलाससागरसूरि ज्ञानमंदिर, कोबामां उपलब्ध छे। हस्तप्रत क्रमांक-२९४६१ने आदर्श पाठ मानीने आ कृतिनुं संपादन करवामां आव्युं छे । आ प्रतनुं प्रतिलेखन वर्ष विक्रम सं.१८२२ मार्गशीर्ष मास, कृष्ण पक्ष, ८ तिथि, स्थळ मेडता, प्रतिलेखक सरूपचंद मथेन छे। प्रतमां कुल ३ पत्रो छे। प्रत्येक पत्रमां १२ पंक्तिओ अने प्रत्येक पंक्तिमां ३० थी ३१ अक्षरो छे। प्रतनी अवस्था पाणीथी विवर्ण थयेली छे, जेथी अक्षरो वांचवामां मुश्केली पडे छे। पाठांतर माटे अन्य प्रत क्रमांक-८७१२१नो आधार लीधो छे। संपादन कार्यमां प्रत क्रमांक-२९४६१ ने 'क' प्रति अने अन्य प्रत क्रमांक-८७१२१ने 'ख' प्रतिनो संकेत आप्यो छे। बन्ने प्रतोमांथी मळता शुद्ध पाठने संपादनमां अने अन्य प्रतना पाठने पाठांतर (टिप्पण)मां स्थान आपी संपादन करेल छे।

## ***चारित्रमनोरथमाला***

श्रीआदिसर पाय[१] नमी, परिमल गुण विशाल।
चरण मनोरथ फूलडां, गुंथिसु[२] माल विशाल ... ॥१॥

ते दिन मुझनइ कदि हुस्यइ, पखि[३] वरसनइ मास।
श्रीजिनधर्म विधि करु, जेहथी पूरइ आस ॥२॥ ते०...

१. पाय (ख), २. गुणि (क), ३. पयि (ख),

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



गीतारथ गुरु सेवीइ, सुणीइ आगम वाणि।
प्राणी दया नित पालीइ ए परमारथ जाणि ॥३॥ ते०...

बारे व्रत अंगी करी निश्चल समकित मूल।
पालसुं निज सगति करी टालिस भव भय सुल ॥४॥ ते०...

अष्टापद आबू तणी श्रीशेत्रुजो गिरिनारि।
जिन कल्याणक भूमिका जात्र करि सुजग सार ॥५॥ ते०...

देसु दान दया करी सील धरिसुं निकलंक।
सगति[४] सहित तप आदरु सुध भाव निस्सकं ॥६॥ ते०...

परमेश्वर पाय पुजता चंदन कुसम कपूर।
पूरिस आगलि साथियो नित नित ऊलटपूर[५] ॥७॥ ते०...

धरमइ धन वेची करी छांडीस गृहाचार[६]।
सुधो गुरु जाणि करी लेस्युं संयम भार ॥८॥ ते०...

भाव ते[७] संयम आदरु पंचमहाव्रत भार।
धारिस निज काया करी पामीस भवजल पार ॥९॥ ते०...

मन वचन काया करी छविह जीवनिकाय।
सवि आरंभ निवारसुं[८] लहीस्युं सिद्धि उपाय ॥१०॥ ते०...

पंच सुमति त्रिहुं गुपतिसु[९] दूधर चारित धार
धारिसु[१०] धीर पणो धरी जाणि अथिर संसार ॥११॥ ते०...

पुंजी पडिलेही करी थंडिल भूमि पएस।
धम्मोवगरण आपणा मूकिस जोइ लेस ॥१२॥ ते०...

गुरुकुलवास वसस्युं सदा जीविय मरणा सीम।
सहवउ गुरुनी चोअणा लेई अभिग्रह नीम[११] ॥१३॥ ते०...

भीम भयंकर अति घणा उपसर्ग माहिम सार।
कहीइ[१२] काऊसग करि रहु नित नित सझ विहार ॥१४॥ ते०...

---

४. सकति (ख), ५. आणंदपूर (ख), ६. सघर व्यापार (ख), ७. न (क), ८. नवा करिसु (ख), ९. गुप्तिसुं (ख), १०. धारस्युं (क), ११. भीम (ख), १२. कईयइ (क),

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



कटक महारिपु कामनो सील सबल सन्नाह।
पहिरी जीपसुं हुं जदा जय सिरि वरिसुं[१३] अगाह ॥१५॥ ते०...

विकथा निद्रा परिहरी मधुरिस्वरि[१४] सज्झाय।
एकांति बइसी करी करिस्युं गोपवि काय ॥१६॥ ते०...

ज्ञान अंकुश[१५] मन थिर[१६] करी कुशल मनह व्यापार।
वचन अनइ काया करी सबर धरिस्यु अपार ॥१७॥ ते०...

जदि बावीस परिसहा आहियासी कुं मन भावि।
घरि घरि मधुकरि जिम भमुं[१७] निरधन सघन सभाव ॥१८॥ ते०...

अवसर ते कईइ हुस्यइ वरस अनै दीन मास।
ममता मूकिस मन थकी[१८] समता उपरि भाव ॥१९॥ ते०...

द्रव्यति(थी) चारित्र मइ लीया भवि भवि वार अनंत।
काज न कोई तिहां सर्युं[१९] दीठा दूख अनंत ॥२०॥ ते०...

दशविध साधु तणी भणी सामाचारी मांहि।
रहिस्युं कदा[२०] निश्चल करी[२१] राचिस्युं नवेए[२२] प्रवाह ॥२१॥ ते०...

इंद्रीय पांचे वसि[२३] करी विषय तणो रस छांडि।
चारित्रनी धुरि निरवहुं लागिस न हुं पाखंडी ॥२२॥ ते०...

सारण[२४] वारण चोयणा पडिचोअण सवि दीस।
धरिसुं मन सोहामणो मूकिस माया रीस ॥२३॥ ते०...

झूसर सीम भूइ सोहुतो[२५] इर्यासुमति विहार।
विकथा हासुं टालतो जदि[२६] हुं करिसुं विहार[२७] ॥२४॥ ते०...

सूत्र तणा सवि तप करी अंग उपांग पइन्न।
गुरु मुख आगम वाचस्युं तेहुं मानिस धन्न ॥२५॥ ते०...

च्यार कषाय विकथा[२८] तणी जाणी कडू[२९] विवाग।
मूल थकी उनमूलिस्युं आंणि मन वइराग ॥२६॥ ते०...

---

१३. लहिसु (ख), १४. महुरसरि (ख), १५. अकुसल (ख), १६. रुंधी (ख), १७. समउ (ख), १८. तणी, (ख) १९. सहुं (क), २०. यदा (ख), २१. पणइ (ख), २२. चैत्य (ख), २३. सवि (ख), २४. मारण (ख), २५. सोधतो (ख), २६. यदि (ख), २७. अपार (ख), २८. विषय (ख), २९. कटुक (ख),

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



